# SHREE AMBAJI MANDIR

## Shree Bharatiya Mandal

Indian Association Tameside
103 Union Road, Ashton-under-Lyne OL6 8JN
Web: www.sbm.org.uk | Email: sbm@sbm.org.uk | Tel: 0161 330 2085

# શ્રી ભારતિય મંડળ ટેઈમસાઈડ

## જય અંબે



**મહેરબાની કરી આ ચોપડી મંદીરમાંથી <u>લઈ જશો નહિ</u>**

PLEASE <u>**DO NOT**</u> TAKE THIS BOOK OUT OF THE TEMPLE

ૐ

આધ્ય શકિત અંબે માતકી જે

રામચંદ્ર ભગવાનકી જે

રાધે કૃષ્ણ કી જે

બાલ કૃષ્ણલાલ કી જે

ઉમાપતિ મહાદેવકી જે

વિષ્વકર્મા ભગવાનકી જે

પવનસુત હનુમાનકી જે

ગણપતિ ગજાનંદ મહારાજકી જે

પુજ્ય શ્રી જલારામ બાપા કી જે

સાહીનાથા મહારાજ કી કે

સદગુરૂ દેવકી જે

સનાતન ધર્મકી જે

અપને અપને માતપિતાકી જે

**ૐ નમઃ પાર્વતી પતેય હર હર મહાદેવ હરે**

oooooooooooooooo

શ્રી ગણેશાય નમઃ

**શ્રી ગણેશ પ્રાર્થના**

પહેલાં સમરૂં ગણપતિ દેવા, વિઘન દેજો કાપી રે

બીજે સમરૂં શારદા માતને, વાણી નિર્મળ આપી રે ..... પહેલાં

ત્રીજે સમરૂં ગુરુ ચરણને, પાવન કીધાં પાપી રે .......... પહેલાં

ચોથે સમરૂં માતપિતાને, સદ્ બુધ્ધિ બહુ આપી રે ....... પહેલાં

પંચમ 'પુનિત' પરમેશ્વર ને, માનવ પદવી આપી રે ..... પહેલાં

શ્રી ગણપતિ ગજાનંન મહારાજ કી જે.

ૐ ૐ ૐ

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં**
**ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥**

(પાંચ વખત)

■■■■■■■■■■■■■■■■■■

હરિ ૐ

## પ્રાર્થના મંત્રો

ઈશાવાશ્યમ્ ઈદં સર્વં યત્ કિં ચ જગત્યાં જગત્
તેન ત્યકતેન ભુંજીથાઃ મા ગૃધઃ કસ્યસ્વિદ્ ધનમ્ ॥
યં બ્રહ્મા–વરૂણેન્દ્રરૂદ્ર મરૂતઃ સ્તુન્વન્તિ દિવ્યૈઃ સ્તવૈર
વેદૈઃ સાંગ–પદક્રમો પનિષદૈર ગાયન્તિ યં સામગાઃ ।
ધ્યાનાવસ્થિતતદ્ગતેન મનસા પશ્યન્તિ યં યોગિનો
યસ્યાન્તં ન વિદુઃ સુરાસુરગણા દેવાય તસ્મૈ નમઃ ॥

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ।
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ॥
ત્વમેવ વિધા દ્રવિણં ત્વમેવ ।
ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા
મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈ જા
તું હીણો હું છું તો તુજ દર્શન દાન દઈ જા

ૐ નમો ભગવતે વાસુદેવાય

---------------------

# ગીતા ધ્વનિ

## સ્થિતપ્રજ્ઞ–લક્ષણ

**અર્જુન બોલ્યા,**

સમાધિમાં સ્થિતપ્રજ્ઞ, જાણવો કેમ, કેશવ?
બોલે, રહે ફરે કેમ, મુનિ જે સ્થિર બુધ્ધિ નો? ૧

**શ્રી ભગવાન બોલ્યા**

મનની કામના સર્વે છોડીને, આત્મમાં જ જે
રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતપ્રજ્ઞ જાણવો ૨
દુઃખે ઉદવે ના ચિત્તે, સુખોની ઝંખના ગઈ;
ગયા રાગ ભય ક્રોધ, મુનિ તે સ્થિર બુધ્ધિનો ૩
આસકત નહીં જે કયાંય, મળે કાંઈ શુભાશુભ;
ન કરે હર્ષ કે દ્વેષ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર ૪
કાચબો જેમ અંગોને, તેમ જે વિષયો થકી;
સંકેલે ઈન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર ૫
નિરાહારી શરીરના, ટળે છે વિષયો છતાં
રસ રહી જતો તેમાં, તે ટળે પેખતાં પરં ૬
પ્રયત્નમાં રહે તોયે, શાણાયે નરના હરે;
મનને ઈન્દ્રિયો મસ્ત, વેગથી વિષયો ભણી ૭
યોગથી તે વશે રાખી, રહેવું મત્પરાયણ;
ઈન્દ્રિયો સંયમે જેની, તેની પ્રજ્ઞા થઈ સ્થિર ૮
વિષયોનું રહે ધ્યાન, તેમાં આસકિત ઊપજે;
જન્મે આસકિતથી કામ, કામથી ક્રોધ નિપજે ૯

ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે;
સ્મૃતિલોપે બુધ્ધિનાશ, બુધ્ધિનાશે વિનાશ છે ૧૦
રાગને દ્વેષ છૂટેલી, ઈન્દ્રિયો વિષયે ગ્રહે;
વશેન્દ્રિય સ્થિરાત્મા જે, તે પામે છે પ્રસન્નતા ૧૧
પામ્યે પ્રસન્નતા તેનાં, દુઃખો સૌ નાશ પામતાં;
પામ્યો પ્રસન્નતા તેની, બુધ્ધિ શીઘ્ર બને સ્થિર ૧૨
અયોગીને નથી બુધ્ધિ, અયોગીને ન ભાવના;
ન ભાવહીનને શાંતિ, સુખ કયાંથી અશાંતને? ૧૩
ઈન્દ્રિયો વિષયે દોડે, તે પૂઠે જે વહે મન;
દેહીની તે હરે બુધ્ધિ, જેમ વા નાવને જળે ૧૪
તેથી જેણે બધી રીતે, રક્ષેલી વિષયોથકી;
ઈન્દ્રિયો નિગ્રહે રાખી, તેની પ્રજ્ઞા થઈ સ્થિર ૧૫
નિશા જે સર્વ ભૂતોની તેમાં જાગ્રત સંયમી;
જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા ૧૬

સદા ભરાતા અચલ પ્રતિષ્ઠ
સમુદ્રમાં નીર બધાં પ્રવેશે;
જેમાં પ્રવેશે સહુ કામ તેમ,
તે શાંતિ પામે નહીં કામકામી ૧૭

છોડીને કામના સર્વ ફરે જે નર નિઃસ્પૃહ;
અહંતા-મમતા મૂકી, તે પામે શાંતિ, ભારત ૧૮
આ છે બ્રહ્મદશા, એને, પામ્યે ના મોહમાં પડે
અંત કાળેય તે રાખી બ્રહ્મનિર્વાણ મેળવે ૧૯

■■■■■■■■■■■■■■■■■■

સંગે હરિ ચરણમાં રહીએ તમે અમે,
સંગે હરિપ્રણયમાં રમીએ તમે અમે,
સંગે પરાક્રમ ઘણાં કરીએ તમે અમે,
તે સંગભંગ બનજો ન કદાપિ આપણો,
તેજસ્વી પ્રાણવાન થાજો, સદા જીવન આપણું,
ન કદાપિ થજો ભિન્ન, વિધેષે મન આપણું,
જે અંતરે કરી પ્રવેશ સૂતેલ મારી,
વાણી સજીવન કરે નિજ ભર્ગ પ્રેરી;
જે રોમ રોમ મહીં પ્રાણ પૂરે પ્રતાપી,
તે શકિતનાથ, પુરુષોત્તમને પ્રણામ.

ૐ નમો ભગવતે વાસુદેવાયઃ

■■■■■■■■■■■■■■■

## પ્રાર્થના

હરિ ૐ તત્સત શ્રી નારાયણ તૂં, પુરુષોત્મ ગુરુ તૂ,
સિધ્ધ બુધ્ધ તૂં, સ્કંદ વિનાયક, સવિતા પાવક તૂં,
બ્રહ્મ મઝદ્ તૂ, યહ્વ શકિત તૂં, ઈશુ પિતા પ્રભુ તૂં,
રુદ્ર વિષ્ણું તૂં, રામકૃષ્ણ તૂં, રહીમ તાઓ તૂં,
વાસુદેવ ગૌ, વિશ્વરૂપ તૂં, ચિદાનંદ હરિ તૂં,
અધિતીય તૂં, અકાલ નિર્ભય, આત્મલિંગ શિવતૂં,
હરિ ૐ તત્સત શ્રી નારાયણ તૂં, પુરુષોત્તમ ગુરુ તૂં,
સિધ્ધ બુધ્ધ તૂં, સ્કંદ વિનાયક, સવિતા પાવક તૂં,
સવિતા પાવક તૂં, સવિતા પાવક તૂં

ૐ નમો ભગવતે વાસુદેવાયઃ

# વિશ્વંભરી પ્રાર્થના

વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા
વિદ્યાધરી વદનમાં વસજો વિધાતા
દુર્બુધ્ધિને દૂરકરી સદબુધ્ધિ આપો
માં પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો ૧

ભૂલો પડી ભવરણે ભટકું ભવાની
સૂજે નહીં લગીર કોઈ દિશા જવાની
ભાસે ભયંકર વળી મનના ઉતાપો
માં પાહિ ૐ ભગવતી ભવ દુઃખ કાપો ૨

આ રંકનો ઉગરવા નથી કોઈ આરો
જન્માંધ છું હું જનની ગ્રહી બાળ તારો
ના શું સુણો ભગવતી શિશુના વિલાપો
માં પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો ૩

મા કર્મ જન્મ કથની કરતાં વિચારું
આ સૃષ્ટિમાં તુજ વિના નથી કોઈ મારું
કોને કહું કઠણ યોગ તણો બળાપો
માં પાહિ ૐ ભગવતી ભવ દુઃખ કાપો ૪

હું કામ ક્રોધ મદ મોહ થકી છકેલો
આડંબરી અતિઘણો મનથી બનેલો
દોષો થકી દુષિતનાં કરી માફ પાપો
માં પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો ૫

ના શસ્ત્રના શ્રવણનું પય પાન કીધું
ના મંત્ર કે સ્તુતિ કથા કદી કાંઈ કીધું
શ્રધ્ધા ધરી નથી કર્યા તવ નામ જાપો
માં પાહિ ૐ ભગવતી ભવ દુઃખ કાપો ૬

રે રે ભવાની બહુ ભુલ થઈ છે મારી
આ જીંદગી થઈ મને અતિશે અકારી
દોષો પ્રજાળી સઘળા તવ છાંય આપો
માં પાહિ ૐ ભગવતી ભવ દુઃખ કાપો ૭

ખાલી ન કોઈ સ્થળ છે વીણ આપ ધારો
બ્રહ્માંડમાં અણું અણું મહીં વાસ તારો
શકિત ન માપ ગણવા અગણિત માપો
માં પાહિ ૐ ભગવતી ભવ દુઃખ કાપો ૮

પાપે પ્રપંચ કરવા બધી વાતે પૂરો
ખોટો ખરો ભગવતી પણ હું તમારો
જાડયાંધ કાર દૂર કરીં સદ્બુધ્ધિ આપો
માં પાહિ ૐ ભગવતી ભવ દુઃખ કાપો ૯

શીખે સુણે રસિક છંદ જ એક ચિત્તે
તેના થકી ત્રિવિધ તાપ ટળે ખચિતે
વધે વિશેષ વળી અંબા તણા પ્રતાપો
માં પાહિ ૐ ભગવતી ભવ દુઃખ કાપો ૧૦

શ્રી સદ્ગુરુ શરણમાં રહીને યજું છું
રાત્રિ–દિને ભગવતી તુજને ભજું છું
સદ્ ભકત સેવક તણા પરિતાપ ચાંપો
માં પાહિ ૐ ભગવતી ભવ દુઃખ કાપો ૧૧

અંતર વિષે અધિક ઊર્મિ થતાં ભવાની
ગાઉં સ્તુતિ તવ બળે નમીને મૃડાની
સંસારના સકળરોગ સમૂળ કાપો
માં પાહિ ૐ ભગવતી ભવ દુઃખ કાપો ૧૨

તારા સિવાય જગમાં નથી કોઈ મારું
સાચા સગા ભગવતી બહું મેં વિચાર્યુ
ભુલું કદાચ ભવચાસ તણા કુસંગે
'હે મા' ભારતિય કહે તવ ભકિત આપો ૧૩
વિશ્વભરી તણી પ્રાર્થના સહુ કોઈ ગાશે
તેના ભવ દુઃખ ભગવતી જરૂર કાપશે
ભકત મંડળ તણી પ્રાર્થના સ્વીકારી
સહુ ભકત ભાવથકી ભજો ભવાની
માં પાહિ ૐ ભગવતી ભવ દુઃખ કાપો ૧૪

આધ શકિત અંબે માતકી જે

--------------------

## શ્રી રામચંદ્રજી ની સ્તુતિ

શ્રી રામચંદ્ર કૃપાલુ ભજ મન હરણ ભવ ભય દારુણમ્
નવકંજ-લોચન, કંજ-મુખકર, કંજ પદ કંજારુણમ્
કંદર્પ અગણિત અમિત છબી, નવનીલ નીરદ સુંદરમ્
પટપીત માનવ તડિત રૂચિ શુચિ, નૌમિ જનક સુતાવરમ્
શિર મુકુટ કુંડલ તિલક ચારૂ ઉદાર, અંગ વિભૂષણમ્
આજાનું ભુજ શર ચાપધર સંગ્રામ જીત ખર દૂષણમ્
ભજ દિન બંધુ દીનેશ દાનવ દલન દુષ્ટ નિકંન્દનમ્
રઘુનંદન આનંદ કન્દ કૌશલ ચંદ દશરથ નંદનમ્
ઈતિ વદતિ તુલસી દાસ, શંકર મહેશ મુનિ મન-રંજનમ્
મમ હ્રદય કુંજ નિવાસ કુરૂ કામાદિ ખલ દલ ગંજનમ્ ...શ્રી રામ..

--------------------

## થાળ

કંચન થાળી કર ધરી ને પીરસે યશોદા માત
રાણી રૂક્ષ્મણી ઢોળે વિજણો જમો જમો જાદવરાય.

---

જમવા આવો દીનાનાથ રે મારી પ્રેમની થાળી
મારે હાથે પ્રભુ મેં રે બનાવી
પ્રાણ જીવન તમ કાજ રે મારી પ્રેમની થાળી
ભાત રે ભાતના મેવા બનાવ્યા,
વિધ વિધના પકવાન રે મારી પ્રેમની થાળી
જળરે જમુનાની ઝારી ભરી લાવું
આચમન કરોને મોરાર રે મારી પ્રેમની થાળી
લવિંગ–સોપારીને પાનના બીડલાં
મુખવાસ કરોને મોરાર રે મારી પ્રેમની થાળી
માધવ દાસના સ્વામી શામળિયા
ચરણોમાં રાખો મોરાર રે મારી પ્રેમની થાળી .. .. ..જમવા..

---

## થાળ

આવજે તું આવજે, અંબા મા આવજે
જમવા અમારે મંદિર આવજે
વાટલડી જોઉં છું ને રાહ જોઈ રહું છું
કરવો છે આજે સત્કાર આવજે .. .. .. .. .. આવજે .. ..
ભોજન તૈયાર છે તારી બસ વાર છે
જો જે ના થાતી શરમાળ આવજે .. .. .. .. આવજે .. ..
રૂડા રૂડા પાક છે તાંજાં તાંજાં શાક છે
પીરસ્યો છે મોહન થાળ આવજે .. .. .. .. આવજે .. ..
કમોદના ભાત છે દાળ માંહી સ્વાદ છે
છમ છમતો કીધો વઘાર આવજે .. .. .. .. આવજે .. ..
જમુનાના નીર છે આંખલડી અધીર છે
લેવાને મારી સંભાળ આવજે .. .. .. .. .. .. આવજે .. ..
સુંદર મુખવાસ છે અમે તારા દાસ છે
કરવાને આજે ઉધ્ધાર આવજે .. .. .. .. .. ..આવજે .. ..

## આરતી

### જય કા'ના કાળા

જય કા'ના કાળા (૨) પ્રભુ, મીઠી મોરલી વાળા (૨)
ગોપીના પ્યારા, ૐ જય કા'ના કાળા .. .. .. .. .. ટેક
કામણ ગારા કા'ન, કામણ બહુ કીધાં (૨) પ્રભુ
માખણ ચોરી મોહન, ચિત્ત ચોરી લીધાં .. .. .. .. ૐ જય
નંદ જશોદા ઘરે, વૈકુંઠ ઉતારી પ્રભુ (૨)
કાલિય મર્દન કીધાં, ગાયોને ચારી .. .. .. .. .. .. ૐ જય
ગુણ તણો તુજ પાર, કે મે ના આવે પ્રભુ (૨)
નેતિ વેદ પુકારે પુનિત શું ગાયે .. .. .. .. .. .. .. ૐ જય
જય કા'ના કાળા પ્રભુ નટવર નંદલાલ
મીઠી મોરલી વાળા ગોપી–નાપ્યારા .. .. .. .. .. .. ૐ જય

શ્રી કૃષ્ણ કનૈયા લાલકી જે.

---

## જગદંબાની આરતિ

ૐ જય જગદંબા મા ૐ જય જગદંબા મા
ભકતોના દુઃખ હરવા (૨) પ્રગટયા પૃથ્વી મા .. .. .. .. ૐ
તું અંબા તું તુલજા, તું છે કાળી મા (૨)
રહી તું ચૌદશ વ્યાપી (૨) બહુચર બાળી મા .. .. .. .. ૐ
ધરી ચંડી રૂપ, ચંડ મુંડ માર્યા મા (૨)
રોળયો મહસિા સુરને (૨) દૈત્ય કુળ સાથે .. .. .. .. .. ૐ
દુઃખ દેવોને દેતાં, શુંભ નિ–શુભ પાપી મા (૨)
સંહારીને માતા (૨) મુકિત તો આપીં .. .. .. .. .. .. ૐ
ધરતાં અનેક રૂપ, ભકતોને કાજે મા (૨)
સુખ સંપતિ સહુ દેતાં (૨) લેતાં ભાળ રાજે .. .. .. .. ૐ
મા અંબાની આરતી જે કોઈ ગાશે મા (૨)
મુકિત દુઃખથી પામી (૨) સૌ સુખીયા થાશે .. .. .. .. ૐ

# શ્રી મહાદેવજીની આરતિ

જય હરિ હરા, પ્રભુ જય હરિ હરા
ગંગા ધર ગિરિજાવર (૨) ઈશ્વર ઓમકારા ,.      ૐ હર હર મહાદેવ
નંદી વાહન ખગવાહન શિવ ચક્ર ત્રિશુલ ધારી (૨)
ત્રિપુરારી મુરારિ (૨) જય કમલા ધારી .. ..      ૐ હર હર હર મહાદેવ
ચંદન ચઢે ત્રિકમને, શિવહર ભસ્માંગે (૨)
રામે હૃદયે રાખ્યાં (૨) ઉમિયા અર્ધાંગે .. ..      ૐ હર હર હર મહાદેવ
કેવડો વહાલો કેશવને, શિવને ધંતુરો (૨)
ત્રિકમને વહાલાં તુલશી (૨) શિવને બિલીપત્ર ..      ૐ હર હર હર મહાદેવ
મોહનને મહાદેવ જો ભાવે ગાશો (૨)
ભાવે ભૂધરને ભજતાં (૨) ભવસાગર તરશો ..      ૐ હર હર હર મહાદેવ
હરિ હરાની આરતિ જે ભાવે ગાશે (૨)
ભણે શિવાનંદ સ્વામી (૨) મનવાન્છીત થાશે
હર કૈલાશે જાશે, ૐ હર હર હર મહાદેવ .. ..      ૐ હર હર હર મહાદેવ

----------

કર્પૂર ગૌરં કરુણાવતારં સંસાર સારં ભુજગેન્દ્રહારમ્ ।
સદાવસન્તં હૃદયારવિન્દે ભવં ભવાનિ સહિતંનમામિ ॥
મંગલં ભગવાન વિષ્ણુ મંગલં ગરુડધ્વજ ।
મંગલં પુંડરીકાક્ષં મંગ્લાયતનો હરિઃ ॥
સર્વમંગલ માંગલ્યે, શિવે સર્વાથ સાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરિ, નારાયણઃ નમોસ્તુતે

----------

એક પલક જો રહિએ વૃન્દાવન      (૨)
જન્મો જન્મ કા પાપ ઘટત હૈ      (૨)
કૃષ્ણ કૃષ્ણ મુખ કહિએ વૃંદાવન .. .. .. ..   એક પલક જો ..
મહા પ્રસાદ ઔર જલ યમુના કો   (૨)
કનક કનક કર પહિયે વૃંદાવન .. .. .. .. ..   એક પલક જો ..
સુર કહે વૈકુન્ઠ મધુપૂરી      (૨)
ભાગ્ય વીના કૈસે પહિયે વૃન્દાવન .. .. .. .. એક પલક જો ..

## ભજન

સૌનું કરો કલ્યાણ દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ
નર–નારી પશુ પંખીની સાથે, જીવ જંતુનું તમામ .. .. .. દયાળુ
જગના વાસીઓ સર્વ સુખ ભોગવે, આનંદ આઠે ધામ .. .. દયાળુ
દુનિયામાં દર્દ–દુકાળ પડે નહિ, લડે નહિ કોઈ ગામ .. .. દયાળુ
સર્વ જગે સુખાકારી વધેને, વળી વધે ધન ધામ .. .. .. .. દયાળુ
કોઈ કોઈનું બુરૂં ન ઈચ્છે, સૌનું ઈચ્છે સૌ સમાન .. .. .. ..દયાળુ
પોતે પોતાના ધર્મ પ્રમાણે સહુ ભજે ભગવાન .. .. .. .. .. દયાળુ

---

## પ્રાથના

અબ સોંપ દિયા ઈસ જીવનકા, સબ ભાર તુમ્હારે હાથોમેં (૨)
હૈ જીત તુમ્હારે હાથો મેં, ઔર હાર તુમ્હારે હાથો મેં (૨)
મેરા નિશ્ચય હે બસ એક યહી, ઈકબાર તુમ્હે પા જાઉં મેં (૨)
અર્પણ કર દું દુનિયા ભરકા, સબ પ્યાર તુમ્હારે હાથો મેં (૨)
યદિ જગમેં રહું તો ઐસે રહું, જયોં જલમેં કમલકા ફુલ રહે (૨)
મેરે સબ ગુણ દોષ સમર્પિત હો, કરતાર/ભગવાન તુમ્હારે હાથો મેં (૨)
યદિ માનવકા મુજે જન્મ મિલે, તો તવ ચરણોંકા પુજારી બનું (૨)
ઈસ પૂજક કી ઈક ઈક રગકા, હો તાર તુમ્હારે હાથો મેં (૨)
જબ જબ સંસારકા કૈદી બનું, નિષ્કામ ભાવસે કર્મ કરું (૨)
ફિર અંત સમય જબ પ્રાણ તજું, નિરાકાર/સાકાર તુમ્હારે ચરણો મેં (૨)
મુજમેં તુજમેં બસ ભેદ યહી, મેં નર હું તુમ નારાયણ હો (૨)
મેં હું સંસારકે હાથો મેં, સંસાર તુમ્હારે હાથો મેં (૨)

---

# ગીતા મંત્ર

ગીતા ગંગા ચ ગાયત્રી સીતા સત્યા સરસ્વતી ૩૦
બ્રહ્મવિધા બ્રહ્મવલ્લી ત્રિસંધ્યા મુકતગેહિની
અર્ધમાત્રા ચિદાનન્દા ભવઘ્રી ભયનાંશિની
વેદત્રયી પરાઅનાતા તત્યાર્થ સાન મંજરી ૩૧
ઈત્યેતાનિ જપે નિત્યં નરો નિશ્વલ માનસ
જ્ઞાન સિંદ્ટિં લભેચ્છીઘ્રં તથાન્તે પરમં પદમ્ ૩૨

શાંતા કારં ભુજગ શયનમ
પધ્મનાભં શુરેશમં, વિશ્વાધારં
ગગન સદશં વેછવર્ણનમ્ શુભાગમં
લક્ષ્મીકાન્તં કમલનયનં યોગી ભિર્ધ્યાનગમ્યમ્ ।।
વન્દે વિષ્ણુ ભવભય હરંમ સર્વ લોકૈક નાથમા ।

ગુરુબ્રહ્મા ગુરુર્વિષ્ણુ, ગુરુર્દેવો મહેશ્વર ।
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ।।
મુકં કરોતિ વાચાલં, પંગુમ્ લંગયેતઃ ગીરીમ્
યત્ કૃપા તમ હ્મ વંદે, પરમાનંદમ્ માધવમ્

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ।
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ॥
ત્વમેવ વિધા દ્રવિણં ત્વમેવ ।
ત્વમેવ સર્વં મમ દેવદેવ ॥
કાયેન વાચા મનસેંન્દ્રિ પૈર્વા ।
બુધ્ધ્યાત્મના વા પ્રકૃતેઃ સ્વભાવાત્ ॥
કરોમી યધત્ ત્સકલં પરસ્મૈ ।
નારાયણાયૈતિ સમર્પ યામિ ॥

અચ્યુતમ કેશવમ, શ્રી રામનારાયણમ્
શ્રી કૃષ્ણ દામોદરમ્, શ્રી વાસુદેવમ્ હરે
શ્રી ધરમ માધવમ્, શ્રી ગોપિકા વલ્લભમ્
શ્રી જાનકીનાથ કમ્, શ્રી રામ ચંદ્રમ હરે
હરે રામ હરે રામ, રામ રામ હરે હરે;
હરે કૃષ્ણ હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે. (પાંચ વખત)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ૐ સહનાવવતુ । સહનૌભૂનકતુ । સહવીર્યં કરવાવહે ।
તેજસ્વિ નાવધીતમસ્તુ । માવિધિષાવહે ॥

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી હનુમાન ચાલીસા

શ્રી ગુરૂ ચરન સરોજ રજ, નિજ મન મુકુર સુધારી,
વર્ણુણૌ રઘુવીર વિમલયશ, જો દાયક ફલ ચારી.
બુધ્ધિહીન તનું જાનિકૈ, સુમિરોં પવન કુમાર,
બલ બુધ્ધિ વિધા દેહું મોહિ હરહું કલેશ વિકાર.

(ચોપાઈ)

જય હનુમાન જ્ઞાન ગુણ સાગર, જય કપીશ તિહું લોક ઉજાગર ।
રામદુત અતુલિત બલ ધામા, અંજની પુત્ર પવન સુત નામા ॥
મહાવીર વિક્રમ બજરંગી, કુમતિ નિવાર સુમતિ કે સંગી ।
કંચન બર્ણવિરાજ સુવેસા, કાનન કુંડલ કુંચીત કેશા ॥
હાથ વજ્ર ઔર ધ્વજા બિરાજે, કાંધે મુજ જનેઉ સાજ ।
શંકર સુવન કેસરી નંદન, તેજ પ્રતાપ મહા જગવંદન ॥
વિધાવાન ગુણી અતિ ચાતુર, રામ કાજ કરી બેકો આતુર ।
પ્રભુ ચરિત્ર સુનિબે કો રસિયા, રામ લખન સીતા મન બસિયા ॥
સૂક્ષ્મરૂપ ધરી સિંયહિ દિખાવા, વીકટ રૂપ ધરી લંકા જલાવા ।
ભીમરૂપ ધરી અસુર સંહારે, રામચંદ્ર કે કાજ સંવારે ॥
લાય સજીવન લખન જિયાયે, શ્રી રઘુવીર હ્રદય ઉર લાયે ।
રઘુપતિ કીન્હી બહુત બડાઈ, તુમ મમ પ્રિય ભરત સમ ભાઈ ॥
સહસ્ત્ર બદન તુમ્હારો યશ ગાવે, અસ કહિ શ્રી પતિ કંઠ લગાવે ।
સન્કાદિ બ્રહ્માદિ મુનીશા, નારદ સારદ સહિત અહિંસા ॥
યમ કુબેર દિગપાલ જહાંતે, કવિ કોવિદ કહિ શકે કહાંતે ।
તુમ ઉપકાર સુગ્રીવહિ કીન્હા, રામ મિલાય રાજપદ દીન્હા ॥
તુમ્હારો મંત્ર વિભીષણ માના, લંકેશ્વર ભયે સબજગ જાના ।
યુગ સહસ્ત્ર યોજન જો ભાનુ, લીયો તાહી મધુર ફલ જાનું ॥
પ્રભુ મુદ્રિકા મેલી મુખ માંહી, જલધિ લંઘી ગયે અચરજ નાહિ ।

દુર્ગમ કાજ જગત કે જે તે, સુગમ અનુગ્રહ તુમ્હારે તે તે ॥
રામ દુલારે તુમ રખવારે, હોત ન આજ્ઞા બિન પૈસા રે ।
સબ સુખ લહૈ તુમ્હારી શરના, તુમ રક્ષક કાહુકો ડરના ॥
અપના તેજ સમ્હારો આપે, તીનોં લોક હાંક તે કાંપે ।
ભૂત પિશાચ નિકટ નહિ આવે, મહાવીર જબ નામ સુનાવે ॥
નાસે રોગ હરે સબ પીરા, જપત નિરંતર હનુમંત વીરા ।
સંકટ સે હનુમાન છુડાવે, મન કર્મ બચન ધ્યાન જો લાવે ॥
સબ પર રામ તપસ્વી રાજા, તિનકે કાજ સકલ તુમ સાજા ।
ઔર મનોરથ જો કોઈ લાવે, તાસુ અમિત જીવન ફલ પાવે ॥
ચારો યુગ પરતાપ તુમ્હારા, હે પરસિધ્ધ જગત ઉજીયારા ।
સાધુ સંત કે તુમ રખવારે, અસુર નિકંદર રામ દુલારે ॥
અષ્ટ સિધ્ધિ નવ નિધિ કે દાતા, અસવર દીન જાનકી માતા ।
રામ રસાયન તુમ્હરે પાસા, સદારહો તુમ રઘુપતિ કે દાસા ॥
તુમ્હારે ભજન રામ કો ભાવે, જન્મ જન્મકે દુઃખ બિસરાવે ।
અંત કાલ રઘુપતિ પુર જાઈ, જહાં જન્મ હરિ ભકત કહાઈ ॥
ઔર દેવતા ચિત્ત ન ધરઈ, હનુમંત સેય સર્વ સુખ કરઈ ।
સંકટ હરે મિટે સબ પીરા,જો સુમિરે હનુમંત બલવીરા ॥
જૈ, જૈ, જૈ, હનુમાન ગુંસાઈ, કૃપા કરો ગુરુ દેવ કી નાઈ ।
જો શતવાર પાઠ કરે કોઈ, છુટે બંદિ મહાસુખ હોઈ ॥
જો યહ પઢે હનુમાન ચાલીસા, હોય સિધ્ધિ, સાખી ગૌરીશા ।
તુલસીદાસ સદા હરિ ચેરા, કીજૈ દાસ હ્રદય મૈ ડેરા ॥

(દોહા)

પવન તનય સંકટ હરણં, મંગલ મૂરતિ રૂપ,
રામ લખન સીતા સહિત, હ્રદય બસો સુરભૂપ.

## હનુમાનજીની સ્તુતિ

ચલે હનુમાન યહાં આયે
શ્રી રામજી કી ધૂન મચાઈ
ધૂન મચાઈ ઐસી ધૂન મચાઈ .. .. .. ચલે હનુમાન
સીતારામ નામ ધૂન ઐસી મચાઈ (૨)
સુનકે આયે રઘુરાઈ, શ્રી રામજીકી ધૂન મચાઈ
ભકતજનોકા ઘર પાવન કરવા (૨)
આવો આવો ને રઘુરાઈ, શ્રી રામજીકી ધૂન મચાઈ
ગંગાજી આવે જમુનાજી આવે (૨)
ત્રિવેણી સંગમ આવે, શ્રી રામજીકી ધૂન મચાઈ
દાસ જનો કી એહી વિનંતી (૨)
ચરણ કમલ બલીહારી, શ્રી રામજીકી ધૂન મચાઈ

## ભજન

શંભુ શરણે પડી, માંગુ ઘડીએ ઘડી, કષ્ટ કાપો,
દયા કરી દર્શન શિવ આપો...ટેક.
તમે ભકતોનાં દુઃખ હરનારા, શંભુ સૌનું ભલું કરનારા,
હું તો મંદમતિ, તારી અકળગતી, કષ્ટ કાપો .. .. .. .. દયા કરી.
અંગે ભસ્મ સ્મશાનની ચોળી, સંગે રાખો સદા ભૂતટોળી,
ભાલે તિલક કર્યું, કંઠે વિષ ધર્યું, અમૃત આપો .. .. .. દયા કરી.
નેતિ નેતિ જ્યાં વેદ કહે છે, મારૂં ચિત્તડું ત્યાં જાવા ચાહે,
સારા જગમાં છે તું, વસુ તારામાં હું, શકિત આપો .. .. . દયા કરી.
હું તો એકલ પંથ પ્રવાસી, છતાં આતમ કેમ ઉદાસી,
થાકયો મથી મથી, કારણ મળતું નથી, સમજણ આપો .. દયા કરી.
આપો દ્રષ્ટિમાં તેજ અનોખું, સારી સૃષ્ટિને શિવરૂપ દેખું,
મારા મનમાં વસો, હૈયે આવી વસો, શાંતિ આપો .. .. .. દયા કરી.
ભોળા શંકર ભવદુઃખ કાપો, નિત્ય સેવાનું શુભ ફળ આપો,
ટાળો માન મદ, ગાળો ગર્વ સદા, ભકિત આપો .. .. .. દયા કરી.

# શાંતિપાઠ

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સહુ માંગીએ
શરણું મળે સાચું તમારૂ એ હૃદયથી માંગીએ
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો (૨)

વળી કર્મના યોગે કરી જે કુળમાં એ અવતરે
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભકિત કરે
લક્ષ ચોર્યાસી બંધનોને લક્ષમાં લઈ કાપજો
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો (૨)

સુસંપત્તિ સુવિચાર ને સત્કર્મનો દઈ વારસો
જન્મો જનમ સત્સંગથી કીરતાર પાર ઉતારજો
આ લોક ને પરલોકમાં તમ પ્રેમ રગ રગ વ્યાપજો
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો (૨)

મળે મોક્ષ કે સુખ સ્વર્ગના આશા ઉરે એવી નથી
ધ્યો દેહ દુર્લભ માનવીનો ભકિત કરવા ભાવથી
સાચું બતાવી રૂપ "શ્રી રણછોડ" હૃદયે સ્થાપજો
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો (૨)

## ગોવિંદજીની ધૂન

ગોવિંદ ગુણ ગાવો ને ગોપાળ ગુણ ગાવો
જેની માતા દેવકી ને પિતા વાસુદેવા
એવા મારા કૃષ્ણજીની ધૂન મચાવો .. .. .. ..   ગોવિંદ
જેની માતા કૌશલ્યા ને પિતા દશરથ જેવા
એવા મારા રામચંદ્રજીની ધૂન મચાવો .. .. .. ..ગોવિંદ
જેની માતા પાર્વતીને પિતા શંકર દેવા
એવા મારા ગણપતિની ધૂન મચાવો .. .. .. .. ગોવિંદ
જેની માતા અંજની ને પિતા વાસુદેવા
એવા મારા હનુમાનજીની ધૂન મચાવો .. .. .. ..ગોવિંદ
એવા મારા અંબેમાની ધૂન મચાવો .. .. .. .. ..ગોવિંદ
એવા મારા સીતામાની ધૂન મચાવો .. .. .. ..  ગોવિંદ
એવા મારા રાધેમાની ધૂન મચાવો .. .. .. .. ..ગોવિંદ
એવા મારા પાર્વતીમાની ધૂન મચાવો .. .. .. ..ગોવિંદ
એવા મારા દાદા વિશ્વકર્માદાદાની ધૂન મચાવો..ગોવિંદ

## ૐ પરમાત્માને નમો નમઃ

ૐ ધ્યોઃ શાંતિઃ  અંતરિક્ષ શાંતિઃ  પૃથ્વીઃ શાંતિઃ
આપઃ શાંતિઃ  ઔષધયઃ શાંતિઃ  વનસ્પતયઃ શાંતિઃ
વિશ્વેદેવાઃ શાંતિઃ  બ્રહ્મઃ શાંતિઃ  શાંતિ રેવઃ શાંતિઃ
ક્ષમાઃ શાંતિઃ

ૐ  શાંતિઃ  શાંતિઃ  શાંતિઃ

## તુમ્હી હો માતા, પિતા તુમ્હી હો

તુમ્હી હો માતા, પિતા તુમ્હી હો, તુમ્હી હો બન્ધુ સખા તુમ્હીહો (૨)
તુમ્હી હો સાથી તુમ્હી સહારે, કોઈ ન અપના સિવા તુમ્હારે (૨)
તુમ્હી હો નૈયા તુમ્હી ખવૈયા, તુમ્હી હો બન્ધુ સખા તુમ્હી હો (૨)
જો ખિલ સકે ના વો ફૂલ હમ હૈં, તુમ્હારે ચરણોં કિ ધૂલ હમ હૈ (૨)
દયા કી દ્રૂષ્ટિ સદા હી રખના, તુમ્હી હો બન્ધુ સખા તુમ્હી હો (૨)

## હનુમાનની ધૂન

ગીત મારૂતિ, સંગીત મારુતિ (૨)
દૂત મારૂતિ, અવધૂત મારુતિ (૨)
ધીર મારૂતિ, ગંભીર મારુતિ (૨)
વીર મારૂતિ, મહાવીર મારુતિ (૨)
તાર મારૂતિ, તંબૂર મારુતિ (૨)
શ્વર મારૂતિ, ઈશ્વર મારુતિ (૨)
ગીત મારૂતિ, સંગીત મારુતિ (૨)

પવન તનય સંકટ હર, મંગલ મુરતિ રૂપ
રામ, લક્ષ્મણ, સીતા, સહ્ત હ્રદય બસો સૂરભૂપ
સીયાવર રામચંદ્રકી જે, પવન સુત હનુમાનકી જે.

## ધૂન

ૐ નમઃ શિવાય, ૐ નમઃ શિવાય
હર હર ભોલે નમઃ શિવાય .. .. ..
રામેશ્વરાય શિવ રામેશ્વરાય (૨) .. .. હર હર
ગંગાધરાય શિવ ગંગા ધરાય (૨) .. .. હર હર
યોગેશ્વરાય શિવ યોગેશ્વરાય (૨) .. હર હર
જટા ધરાય શિવ જટા ધરાય (૨) .. .. હર હર
સોમેશ્વરાય શિવ સોમેશ્વરાય (૨) .. .. હર હર
વિશ્વેશ્વરાય શિવ વિશ્વેશ્વરાય (૨) .. હર હર
કોટેશ્વરાય શિવ કોટેશ્વરાય (૨) .. .. હર હર

## ધૂન

હે રામ હે રામ .. .. હે રામ .. .. હે રામ
જગમે સાંચો તેરો નામ .. .. .. હે રામ
તૂહી માતા તૂહી પિતા હૈ
તૂહી તોહૈ રાધાકા શ્યામ .. .. હે રામ
તુ અંતર યામી સબકા સ્વામી
તેરે ચરણોમે ચારો ધામ .. .. હે રામ
તુહી બિગડે તૂહી સવારે
ઈસ જગકે સારે કામ .. .. .. હે રામ
તૂહી જગ દાતા વિશ્વવિધાતા
તૂહી સુબહ તૂહી શામ .. .. .. હે રામ

## સ્તુતિ

દેજો મને અંત સમે ગુરુ સાન, જેથી પામુ પદ નિર્વાણ
શ્વાસ ઘેરાશેને જીવ અકળાશે, નાડી તૂટે છુટે પ્રાણ.
તે વેળા આત્માં જ્યોતિ જગાડી, દે જો મોક્ષનુ ભાન .. .. .. દે જો
તન, ધન, ત્રિયા આશા તૃષ્ણામા, બહુંદિન થયો હેરાન
સુખ, સત્તા ધન રાજકેડે વૈભવ, ના દેશો આબરૂમાન .. દે જો
ડોળ, દંભને ક્રોધ વિકારો, પૈસે ના અભિમાન
શિષ્યભાવ મારો સદા ટકાવી, દેજો ચરણા મૃત પાન .. .. .. દે જો
પ્રેમ ના ટુટેને, શ્રધ્ધા ન છૂટે અચળ રહે બ્રમ્હજ્ઞાન
કર્મ ચારિત્ર્ય પવિત્ર રાખી, જોડાવો પરમ સંધન .. .. .. દે જો
સૂણજો બાવન થકી ન્યારી, આત્મા પુકારની વાણ
દર્શન દઈને મરણ સુધારી શરણે લેજો ભગવાન .. .. .. .. દે જો